# ચાલો, ૨૦૨૧ના આવકવેરાને લગતા મહત્ત્વપૂર્ણ ચુકાદાઓ વિશે જાણીએ

**ટૅક્સ રામાયણ**

પરેશ કપાસી



થિયરી એક વાત હોય છે અને પ્રૅક્ટિકલ બીજી. કરવેરાની થિયરીમાં લખાયેલી અનેક કલમોના અર્થઘટનને લગતા કેટલાય ખટલાઓ ચાલતા હોય છે. આજે આપણે વર્ષ ૨૦૨૧ દરમિયાન આવકવેરાને લગતા કેટલાક કેસમાં આપવામાં આવેલા મહત્ત્વપૂર્ણ ચુકાદાઓની વાત કરવાના છીએ.

## કિસ્સો-૧

**ચુકાદો :** જો નાણાં ચૂકવનારે (ડિડક્ટરે) ટીડીએસ કાપ્યો ન હોય તો આકારણી અધિકારી નાણાં મેળવનાર કરદાતા પાસેથી કરવેરાની રકમ વસૂલ કરી શકે નહીં.

**કેસની વિગતો :** અશોકકુમાર બી. ચોવટિયા વિરુદ્ધ આવકવેરાના જૉઇન્ટ કમિશનર

મદ્રાસ હાઈ કોર્ટે આ કેસમાં ચુકાદો આપ્યો હતો કે જો ડિડક્ટરે ટીડીએસ કાપ્યો હોય, પણ આવકવેરા ખાતામાં જમા કરાવ્યો ન હોય તો એ રકમની વસૂલી ડિડક્ટર પાસેથી જ કરવાની હોય, ડિડક્ટી (કરદાતા) પાસેથી નહીં.

ડિડક્ટીને ટીડીએસની રકમ ભરવાનું કહેવું એ એક જ આવક પર બે વાર કરવેરો ભરવા સમાન કહેવાય. આમ, મદ્રાસ હાઈ કોર્ટે ડિડક્ટીને મોકલવામાં આવેલી ડિમાન્ડ નોટિસ રદ કરી હતી. ડિડક્ટરે ટીડીએસ કાપીને આવકવેરા ખાતામાં જમા કરાવ્યો ન હોય તો ખાતું કાયદા પ્રમાણે પોતાને મળેલા અધિકારનો ઉપયોગ કરીને એ રકમની વસૂલી કરી શકે છે.

## કિસ્સો-૨

હાઉસિંગ લોન પરના વ્યાજનું ડિડક્શન ક્લેમ કરવા માટે પ્રૉપર્ટીનો કબજો હોવો જરૂરી નથી. પ્રૉપર્ટીનો કબજો હોવાની શરત આવકવેરા ખાતાની કલમ ૨૪(બી)માં નથી : આવકવેરાની અપેલેટ ટ્રિબ્યુનલ

**કેસની વિગતો :** અબીઝર ફૈઝુલ્લાભાઈ વિરુદ્ધ આવકવેરા કમિશનર

મુંબઈની આવકવેરા ટ્રિબ્યુનલે ચુકાદો આપ્યો છે કે પ્રૉપર્ટીનું વાર્ષિક ભાડામૂલ્ય નક્કી કરવાને લગતી કલમ ૨૨ અને કલમ ૨૩ હેઠળ પ્રૉપર્ટીની માલિકીને જ ધ્યાનમાં લેવામાં આવે છે. પ્રૉપર્ટી પર કબજો છે કે નહીં એ મુદ્દો ધ્યાનમાં લેવામાં આવતો નથી.

કલમ ૨૪(બી)નું અર્થઘટન કરીને એમ કહી શકાય કે પઝેશન મળ્યું ન હોય તો પણ કરદાતા એ પ્રૉપર્ટી પર લીધેલી લોન પરના વ્યાજની ચુકવણી માટે આવકમાંથી ડિડક્શન ક્લેમ કરી શકે છે.

## કિસ્સો-3

દાન આપીને કરવેરામાં આવેલા સીએસઆરના ખર્ચનું આવકવેરા ધારાની કલમ ૮૦-જી હેઠળ ડિડક્શન લઈ શકાય છે : આવકવેરા અપેલેટ ટ્રિબ્યુનલ

**કેસની વિગતો :** જેએમએસ માઇનિંગ (પ્રા.) લિ. વિરુદ્ધ આવકવેરાના પ્રિન્સિપલ કમિશનર

ટ્રિબ્યુનલે ચુકાદો આપતાં કહ્યું હતું કે આવકવેરા ધારાની કલમ ૩૭(૧)ની સ્પષ્ટતા ક્રમાંક-૨ને ધ્યાનમાં લેતાં કહી શકાય કે સીએસઆર પ્રવૃત્તિઓ પાછળ કરવામાં આવેલા ખર્ચને બિઝનેસનો ખર્ચ નહીં ગણી શકાય. ફાઇનૅન્સ (નંબર-૨) ઍક્ટ, ૨૦૧૪માં કલમ ૩૭ની સ્પષ્ટતા ક્રમાંક-૨ મુજબ સીએસઆરના ખર્ચને બિઝનેસનો ખર્ચ ગણી શકાય નહીં. કલમ ૩૭(૧)ની સ્પષ્ટતા ક્રમાંક-૨ અનુસાર ચૅપ્ટર ૪-ડી હેઠળ બિઝનેસની આવકની ગણતરી કરવા સંબંધે જ કહેવામાં આવ્યું છે કે સીએસઆરના ખર્ચને બિઝનેસના ખર્ચ ગણી નહીં શકાય. સીએસઆરના જે કૉન્ટ્રિબ્યુશન બીજી કોઈ જોગવાઈ કે ચૅપ્ટર હેઠળ ડિડક્શનને પાત્ર હોય એને ઉક્ત સ્પષ્ટતા લાગુ થતી નથી. કલમ ૮૦-જી હેઠળ રજિસ્ટર્ડ ચૅરિટેબલ ટ્રસ્ટને આપવામાં આવેલું દાન ડિડક્શનને પાત્ર છે.

ઉક્ત કેસમાં કરદાતાએ શ્રી ચૅરિટી ટ્રસ્ટને આરટીજીએસ મારફતે આપેલું દાન કલમ ૮૦-જી(૫)(૬) હેઠળ મંજૂર રખાયું હતું. આ જ રીતે પંડિત જસરાજ મ્યુઝિક ઍકેડેમીને અપાયેલું દાન પણ મંજૂર રાખવામાં આવ્યું હતું.

## કિસ્સો-૪

**ચુકાદો :** ફૉર્મ ૨૬એએસમાં દેખાતી રકમ જો વાસ્તવમાં કરદાતાને જ મળી હોય એવું પુરવાર થતું ન હોય તો એ રકમ પર કરવેરો લાગુ પડી શકે નહીં

**કેસની વિગતો :** ડૉ. સ્વાતિ મહેશ વિંચુરકર- વિરુદ્ધ આવકવેરાના ડેપ્યુટી કમિશનર

સુરત ટ્રિબ્યુનલે ચુકાદો આપ્યો હતો કે ફૉર્મ ૨૬એએસમાં દેખાતી રકમ જો કરદાતાને મળી ન હોય તો એના પર કરવેરો લાગુ કરી શકાય નહીં. જ્યારે કરદાતા ફૉર્મ ૨૬એએસમાં દેખાતો વ્યવહાર પોતે નહીં કર્યાનું કહે ત્યારે એ વ્યવહાર ખરેખર તેમણે જ કર્યો હતો એવું પુરવાર કરવાની જવાબદારી આવકવેરા ખાતાની રહે છે.

ચુકાદામાં કહેવામાં આવ્યું હતું કે કથિત ડિડક્ટર સાથે કરદાતાને કોઈ સંબંધ કે સંપર્ક ન હતો. તેમના ફૉર્મ ૨૬-એએસમાં ભૂલથી ટીડીએસની એક એન્ટ્રી આવી ગઈ હતી. કરદાતાએ એ મુજબની જાણ સેન્ટ્રલ પ્રોસેસિંગ સેન્ટર, બૅન્ગલોરને કરી હતી તથા ટ્રિબ્યુનલ સમક્ષ પણ એની રજૂઆત કરી હતી. સાથે-સાથે એમ પણ કહેવામાં આવ્યું હતું કે પોતાના ઘરથી ૧૦૦૦ કિલોમીટરના અંતરે હોય એવી કંપનીમાં તેમણે કામ કર્યું હોવાનું કલ્પના બહારની વાત છે. શક્ય છે કે ડિડક્ટરે ભૂલથી ખોટો પૅન નાખી દીધો હોય, જે આ કેસના કરદાતાનો હોય. પોતાને આવક મળી નહીં હોવા છતાં તેની પાસેથી કરવેરો લેવાની વાત કરીને તેને બિનજરૂરી રીતે માનસિક તાણ કરવામાં આવી રહી છે. આમ, એ ટીડીએસની રકમને ગણતરીમાં લેવી જોઈએ નહીં.

લેખક પ્રૅક્ટિસિંગ ચાર્ટર્ડ અકાઉન્ટન્ટ છે. paresh.kapasi@mid-day.com પર વાચકો તેમનો સંપર્ક સાધી શકશે.